**ફો.કે.નં.૧૫૮/૯૯**

# આંક-૧ લગત હુકમ

એ.પી.પી.શ્રીની આંક-૫ ની પુરસીસ તથા જીલ્લા કલેક્ટરશ્રી, રાજકોટના આદેશ નં. જે.-એક્સ-ડોરમન્ટ કેસ- ફા.નં. ૧૭૦/૨૦૧૯ તા. ૦૫/૭/૨૦૧૯ નો ધ્યાને લીધો.રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસોની બજવણી થઇ શકતી નથી. આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે. જેથી હવે ઇન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા કેસોના ભરાવાનું ભારણ ઓછુ થાય તો ઈફેક્ટીવ કેસો તરફ વધુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઇન્સાફી કાર્યવાહી બંધ કરવી વાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ફો. કાર્યરીતી કલમ- ૩૨૧ અન્વયે આ કેસ પરત ખેંચવા એ.પી.પી. ને પરવાનગી આપવામાં આવે છે. અને આ કેસમાં પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીને બિનતહોમત છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

જો રોકડ મુદામાલ હોય તો શ્રી સરકાર ખાતે જમા કરાવવા.

હુકમ આજ રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

(એસ.વી.મનસુરી)

રાજકોટ
ચીફ જયુડી. મેજી. - રાજકોટ

તા. ૧૩/૭/૨૦૧૯
જીજે- ૦૦૭૦૦